નિયામક, ગુજરાત રાજ્ય અગ્નિ શમન સેવાઓ એ સદર હેઠળ વર્ષ ૨૦૨૧-૨૦૨૨ના ચાલુ બાબત તરીકે થયેલ જોગવાઇની વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ અગન-૧૦૨૦૧૪-૨૦૧૯-લ૧
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૪/૦૬/૨૦૨૧

**વંચાણે લીધાઃ**

(૧) નિયામક,રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓનો પત્ર ક્રમાંકઃસફ્સ/ફન-૧૪૪/૪૧૭/૨૦૨૦ તા.03/૧૨/૨૦૨૦
(૨) બજેટ અંદાજપત્ર પ્રકાશન નં.૨૬ સને ૨૦૨૧-૨૦૨૨

**ઠરાવઃ**

નિયામક, રાજ્ય અગ્નિનિવારણ સેવાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરે વર્ષ ૨૦૨૧-૨૦૨૨ના અંદાજપત્રમાં યુડીપી-૮૩ હેઠળ નિયામક, રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓ (આયોજન) માટે રૂા. ૩૯૧૫.૨૬ લાખની જોગવાઇ 'ચાલુ બાબત' તરીકે કરવા દરખાસ્ત કરેલ જેની વર્ષ ૨૦૨૧-૨૦૨૨ ના અંદાજપત્રમાં નીચેના સદરે જોગવાઇ થયેલ છે.

| | | |
|---|---|---|
| માંગણી નંબર | - | ૧૦૨ |
| મુખ્ય સદર | - | ૨૨૧૭ શહેરીવિકાસ |
| પેટા મુખ્ય સદર | - | 03 નાના અને મધ્ય નગરોના સંકલિત વિકાસ |
| ગૌણ સદર | - | 00૧ નિર્દેશ અને વહીવટ |
| પેટા સદર | - | યુડીપી-૮૩ નિયામક, રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓ (આયોજન) |

ઉક્ત વિગતે આમ, યુડીપી-૮૩ હેઠળ નિયામક, રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓ (આયોજન) માટે રૂા. ૩૯૧૫.૨૬ લાખની રકમનો નીચેની શરતોને આધિન ખર્ચ કરવાની આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શરતોઃ

(૧) વર્ષ ૨૦૨૧-૨૨ના બજેટ જોગવાઈઓને આધિન રહીને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે. અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકશે નહીં.

(૪) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે

(૬) બાંધકામના કામોમાં મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

(૭) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે

(૮) પ્રવર્તમાન યોજનાના નોમ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે નાણા વિભાગ મારફત રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૯) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૦૪/૧૦/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/ ૧૦૨૦૦૫/૧૪૦૭/ચની સૂચના મુજબ GEM web portal પરથી ખરીદી કરવાની રહેશે. જો તેમ શક્ય ન હોય તો તા.૦૧/૧૦/૨૦૧૮ના ઠરાવથી આપવામાં આવેલ સૂચના મુજબ ઉ.ખા.વિ.ની પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે.

(૧૦) આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ ટેકનોલોજી વિભાગની વખતો વખતની સુચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૧) આ મંજૂરી અન્વયે જે કોઈ પણ વસ્તુની ખરીદી કરવાની થતી હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમાનુસાર કરવાની રહેશે.

(૧૨) વર્ષના અંતે જો કોઈ બચત રહે તો તે પરત કરવાની રહેશે.

(૧૩) આ વહીવટી મંજૂરી અન્વયે નવીન મકાનનુ બાંધકામ,નવુ મહેકમ,નવી યંત્ર સામગ્રી તેમજ નવા વાહનોની ખરીદી કરી શકાશે નહી.

(૧૪) જે કોઇ ખરીદી કરવાની થતી હોય તો રૂ.૧.00 લાખથી વધુ કિંમતની ખરીદી ના.વિ.ના તા.૧૭/03/૨003 ના ઠરાવથી નક્કી થયા મુજબ જાહેરાત આપીને અને રૂ.૫.00 લાખથી વધુ રકમની ખરીદીના કિસ્સામાં ઉ.ખા.વિ.ના તા.૦૮/૦૭/૨૦૧૧ ના ઠરાવથી સુચવ્યા મુજબ ઇ-ટેંડરથી કરવાની રહેશે.

(૧૫) નાણા વિભાગ દ્વારા જે શરતોને મંજૂરી આપવામાં આવેલ હોય તેમાં કોઇપણ સંજોગોમાં નાણા વિભાગની પુર્વ મંજૂરી વિના ફેરફાર કરી શકાશે નહીં અન્યથા તે અંગેની જવાબદારી ખાતાના વડાની રહેશે.

(૧૬) ગુજરાત રાજયમાં જે મતવિસ્તારમાં પ્રવર્તમાન ચૂંટણી આચાર્સંહિતાનો અમલ ચાલુ હોય તોલાગુ પડતા કિસ્સામાં વિભાગે તેનો અમલ કરવાનો રહેશે અને જરૂર પુરતા કિસ્સામાં ચૂંટણી આયોગની પૂર્વ મંજૂરી લેવાની રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા. ૧૯-૫-૨૦૨૧ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.ડી ક્રિશ્ચયન)
સેક્શન અધિકારી
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

પ્રતિ

- નિયામકશ્રી, રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓ,બ્લોક-૧૩/૩,જુના સચિવાલય ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી (બજેટ), શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાંકીય સલાહકારશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંબંધિત કચેરીઓ (નિયામકશ્રી અગ્નિ નિવારણ સેવાઓની કચેરી મારફત)
- એ.જી. કચેરી રાજકોટ/અમદાવાદ.
- સીસ્ટમ મેનેજરશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ તરફ આ ઠરાવ વિભાગની વેબસાઇટ ઉપર અપલોડ કરવાની વિનંતીસહ.
- સિલેક્ટ ફાઇલ/અંગત ફાઇલ